# BUSINESS મિત્ર

### એક્સિસ અને એચડીએફસી બેન્કના શેરમાં મોટો કડાકો; રોકાણકારોની મિલકતમાં રૂ. 5.64 લાખ કરોડનો ઘટાડો

# શેરબજારમાં નફાવસુલીએ સેન્સેક્સ 876 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 19:** ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆતમાં નફાવસુલી જોવા મળી હતી, જેના લીધે સેન્સેક્સ 876 પોઇન્ટ ઘટ્યો હતો. આજે નવમીના દિવસે શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. જેના લીધે રોકાણકારોને રૂ. 5.64 લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. આવતીકાલે દશેરાના તહેવારના પગલે બજાર બંધ રહેશે.

ક્રુડ ઓઈલના ભાવ 108.50 ડોલરના ભાવના પગલે શેરબજારમાં વેચવાલી જોવા મળી હતી. આ વૈશ્વિક બજારોની અસર જોવા મળી હતી. ભારતીય શેરબજારમાં દરેક ઉછાળા સાથે નફાવસુલી જોવા મળી હતી. સેકટરવાઈઝ જોઈએ તો આજે પીએસયુ બેન્ક શેરોમાં શાનદાર તેજી જોવા મળી હતી. પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો, જે 1.85 ટકા ઘટ્યો હતો.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 5.64 લાખ કરોડ ઘટ્યો હતો. જેથી બીએલઈ લિસ્ટેડ કેપ રૂ. 473.46 લાખ કરોડથી ઘટીને રૂ. 467.82 લાખ કરોડ પર પહોંચ્યા હતા. અમેરિકન ડોલર સામે રૂપિયો 3 પૈસા ઘટીને 94.92ના સ્તરે બંધ રહ્યા હતા. જોકે, શુક્રવારે 10 પૈસા સુધરીને બંધ રહ્યા હતા.

ક્રુડ ઓઈલના ભાવમાં વધારો અને હેવીવેઈટ બેન્કીગ શેરોમાં વેચાણના દબાણને કારણે સોમવારે શેરબજારમાં તીવ્ર ઘટાડા સાથે શેરબજારમાં જીતનો સીલસીલો તોડી નાંખ્યો હતો, જેમાં પ્રાઈવેટ બેન્કની ભારે વેચવાલી રહી હતી. જેના લીધે નિફ્ટી 22900 પોઈન્ટ પર સ્થિર રહ્યો હતો. આજે પીએશયુ બેન્કને છોડીને તમામ સેકટર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

### રૂપિયામાં નજીવો ઘટાડો

કરન્સી બજારમાં ડોલર સપાટ રહ્યા બાદ ડોલરમાં સુધારાની ચાલ જોવા મળી હતી. ડોલરની સામે રૂપિયો 5 પૈસા ઘટ્યો હતો અને 94.92ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.97ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.65, પાઉન્ડ 126.56, કેનેડિયન ડોલર 67.31, ઓસ્ટ્રેલિયન ડોલર 66.44, જાપાનીઝ યેન 0.6000, સીંગાપોર ડોલર 74.15ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.92 રૂ. |
| યુરો | 106.95 રૂ. |
| પાઉન્ડ | 126.56 રૂ. |
| યેન | 0.6000 રૂ. |

બીએસઈ સેન્સેક્સ 876.37 પોઈન્ટ એટલે કે 1.17 ટકા ઘટીને 73852.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74849 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73708 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 257.20 પોઈન્ટ એટલે કે 1.11 ટકા ઘટીને 22888.95 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23175 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 22845 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 355.90 પોઈન્ટ એટલે કે 0.64 ટકા ઘટીને 55488.10 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે કેપ્રી ગ્લોબલ કેપિટલમાં 7.2 ગણા, કોલ ઈન્ડિયામાં 4.94 ગણા, પીએનબીમાં 4.2 ગણા, ભારતી એરટેલ 3.47 ગણા અને કોરોમાંડલ ઈન્ટરનેશનલમાં 3.46 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ગેબરીયલ ઈન્ડિયામાં 11.51 ગણા, કેપ્રી ગ્લોબલ કેપિટલમાં 8.15 ગણા, ઈન્ડિયા સિમેન્ટમાં 6.72 ગણા, પીએનબીમાં 4.72 ગણા અને હિમાદ્રી સ્પેશ્યાલિટીમાં 3.49 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ઘટાડો નોંધાયો છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.04 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.29 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળા રહ્યા હતા. બીએસઈ ખાતે 1325 શેરો વધ્યો હતો, જ્યારે 3093 શેરો ઘટ્યા હતા અને 267 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 1.85 ટકા ઘટીને બંધ રહ્યો હતો. જે છેલ્લા બે ટ્રેડિંગ સેશનમાં ઈન્ડેક્સ 1.96 ટકા વધ્યો હતો. જેમાં એકસીસ બેન્ક, યસ બેન્ક, એચડીએફસી બેન્ક, બંધન બેન્ક, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક અને આરબીએલ બેન્ક ઘટ્યા હતા. સૌથી વધુ એકસીસ બેન્ક 4.15 ટકા ઘટ્યો હતો, ત્યારબાદ એચડીએફસી બેન્ક 2.31 ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક 1.15 ટકા ઘટ્યો હતો.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 93 પોઈન્ટ વધતા અમેરિકન બજારો પોઝિટિવ સુધારો જોવાયો હતો. જેમાં યુરોપિયન બજારો ઘટ્યા હતા. ફ્રાન્સમાં રાજકીય અને સામાજિક અશાંતિ અને કોર્પોરેટ કમાણીની ઘોષણાઓના વ્યસ્ત અઠવાડિયા પહેલા રોકાણકારોની સાવચેતી જોવા મળી હતી. ફ્રાન્સમાં સપ્તાહના અંતમાં વ્યાપક વિરોધ જોવા મળ્યો હતો, જેમાં હજારો લોકો મોટા શહેરોમાં વધતા જતા જીવનનિર્વાહ ખર્ચ, ફુગાવા અને બગડતી જાહેર સેવાઓને લઈને રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. 2027ની રાષ્ટ્રપતિની ચુંટણી પહેલા ફ્રાન્સ આર્થિક નબળાઈ અને વધતા જાહેર દેવા સાથે ઝઝૂમી રહ્યું હોવાથી અશાંતિએ રાષ્ટ્રપતિ મેક્રોનનો સામનો કરી રહેલા રાજકીય પડકારોમાં વધારો કર્યો હતો. એઆઈ ઈન્ફ્રાસ્ટ્રકચર ખર્ચ અને વધતા ફાઈનાન્સીગ ખર્ચની ચિંતા વચ્ચે ટેકનોલોજી શેરો દબાણ હેઠળ હોવાથી એશિયન બજારોમાં નીચા સ્તરે બંધ થયું હતું. હોંગકોંગના બજારો બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 1.15 ટકા, કેક 1.49 ટકા અને ડેક્સ 1.25 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.64 ટકા, તાઈવાન 0.62 ટકા, જકાર્તા 3.77 ટકા ઘટયા હતા. જ્યારે શાંઘાઈ 0.399ટકા અને કોસ્પી 1.73 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -876.37 | 73852.90 |
| નિફ્ટી | -257.20 | 22888.95 |
| બેન્ક નિફ્ટી | -355.90 | 55488.10 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.06 | 1241.30 |
| એસબીઆઇ | 1.15 | 973.70 |
| આઇશર મોટર | 0.89 | 7349.00 |
| લાર્સન-ટુબ્રો | 0.96 | 3661.90 |
| ડો. રેડ્ડીઝ લેબ | 0.77 | 1242.50 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 4.19 | 1236.00 |
| ટીએમપીવી | 3.09 | 278.00 |
| ઇન્ફોસીસ | 2.63 | 1130.70 |
| બજાજ ફાઇનાન્સ | 2.52 | 957.35 |
| એચડીએફસી બેન્ક | 2.31 | 712.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 1.12 | 972.45 |
| અદાણી પોર્ટસ | 1.07 | 1761.20 |
| લાર્સન-ટુબ્રો | 0.61 | 3654.10 |
| ઇન્ટરગ્લોબ | 0.24 | 4700.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 3.85 | 1236.90 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.82 | 10620.10 |
| ઇન્ફોસીસ | 2.72 | 1130.00 |
| બજાજ ફાઇનાન્સ | 2.54 | 957.00 |
| ટ્રેન્ટ | 2.43 | 2886.00 |

# કોર્પોરેટ સેકટરમાં મોટી તેજીના સંકેત: બેન્કોમાં ક્રેડિટ માગ વધી

**દેશના** કોર્પોરેટ્સે બેન્ક પાસેથી રૂ. 7.8 લાખ કરોડની માગ કરી

નવી દિલ્હી, તા. 19: દેશમાં ટુંક સમયમાં ખાનગી રોકાણનો નોંધપાત્ર પ્રવાહ જોવા મળી શકે છે. જાહેર ક્ષેત્રની બેન્કોએ સંકેત આપતા જણાવ્યું હતું કે, રૂ. 7.8 લાખ કરોડની કુલ કોર્પોરેટ લોન પાઈપલાઈનનો અહેવાલ આપ્યો છે. જે મજબૂત ક્રેડિટ માગ દર્સાવે છે. પીએનબીએ અહેવાલ આપ્યો છે કે તેની પાસે રૂ. 158 લાખ કરોડની કોર્પોરેટ લોન પાઈપલાઈન છે. બેનકા જણાવ્યા અનુસાર તેણે નાણાકીય વર્ષ 2027ના પહેલા ભાગમાં રૂ. 2.5 લાખ કરોડથી વધુની કોર્પોરેટ લોન મંજુર કરી હતી, જે સમગ્ર નાણકીય વર્ષ 2026માં આશરે રૂ. ચાર લાખ કરોડ હતી.

સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા પાસે રૂ. 12000 કરોડની કોર્પોરેટ લોન પાઈપલાઈન છે. બેન્કના મેનેજિંગ ડિરેકટર અને ચીફ એક્ઝિક્યુટીવ કલ્યાણ કુમારે માહિતી જાહેર કરી હતી. મીડિયા રિપોર્ટસમાં જણાવ્યું હતું કે, તેમણે રૂ. 7000 કરોડની લોન બાકી છે અને રૂ. 5000 કરોડની લોન હાલમાં પ્રક્રિયામાં છે. તેમણે જણાવ્યું હતું કે, તેમની પાસે સારી પાઈપલાઈન છે અને તેમનું વર્તમાન કોર્પોરેટ બુક રૂ. 1.18 લાખ કરોડ છે, જે કુલ લોનના 32 ટકા છે. કેનેરા બેન્ક પાસે આશરે રૂ. 47000 કરોડની કોર્પોરેટ લોન પાઈપલાઈન છે, જ્યારે ઈન્ડિયન બેન્કે રૂ. 63000 કરોડની તકો ઓળખી કાઢી છે. આ બેન્કોમાં એસબીઆઈ પાસે સૌથી વધુ સંભાવના છે. 28 ઓગસ્ટના રોજ, બેન્કના ચેરમેન સીએસ સેટ્ટીએ મીડિયા રિપોર્ટસને જણાવ્યું હતું કે, કોર્પોરેટ લોન ક્ષમતા રૂ. પાંચ લાખ કરોડ સુધીની છે. આમાં રિન્યુએબલ એનર્જી, બેટરી સ્ટોરેજ અને ડેટા સેન્ટર્સમાં રોકાણ કરવાની યોજનાઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, સ્ટીલ અને સિમેન્ટ સહિત અનેક સેકટરોમાં કોર્પોરેટ મુડી ખર્ચમાં વધારો થવા લાગ્યો છે. રિન્યુએબલ એનર્જી ઈકોસિસ્ટમમાં કંપનીઓ, ખાસ કરીને સૌર મોડ્યુલ અને સેલ ઉત્પાદકો, તેમની ક્ષમતા વધારવા માટે રોકાણ કરી રહી છે. સેમિકન્ડકટર ઉત્પાદન પણ ભારતમાં નવા રોકાણને આકર્ષતું ઉભરતું ક્ષેત્ર છે.

રોકાણમાં તેજી બેન્કોના કોર્પોરેટ ક્રેડિટ વૃદ્ધિ પર અપણ અસર કરી રહી છે, જોકે ગતિ બેન્કોમાં બદલાય છે.

# ભારતીય અર્થતંત્ર પ્રગતિ કરી રહ્યું છે: અર્થશાસ્ત્રી

**કોવિડ** 19 મહામારી પછી ભારતીય અર્થવ્યવસ્થાએ નોંધપાત્ર મજબૂતી દર્શાવી છે, આગામી વર્ષોમાં ઝડપથી વૃદ્ધિ થવાની સંભાવના છે: દક્ષિણ એશિયાના અર્થશાસ્ત્રી ક્યુંધૂન કીમ

નવી દિલ્હી, તા. 19: દક્ષિણ કોરિયાના જાણીતા અર્થશાસ્ત્રી ક્યુંધૂન કિમે કહ્યું હતું કે ભારતે છેલ્લા એક દાયકામાં નોંધપાત્ર આર્થિક પ્રગતિ કરી છે, જે પ્રશંસાને પાત્ર છે. તેમના જણાવ્યા અનુસાર, દેશની સતત મજબૂત આર્થિક વૃદ્ધિ અને સુધરેલી આર્થિક પરિસ્થિતિ ભવિષ્ય વિશે આશાવાદનો આધાર પૂરો પાડે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કિમે કહ્યું હતું કે ભારત પાસે હજુ પણ ઘણા પડકારો છે, પરંતુ મધ્યમ ગાળામાં ઝડપથી વૃદ્ધિ કરવાની તેની ક્ષમતા અને મજબૂત વૃદ્ધિની સંભાવના મહત્વપૂર્ણ સિદ્ધિઓ છે.

મારૂ નિષ્કર્ષ હજી પણ સમાન છે. ભારત સામે ઘણા પડકારો છે, પરંતુ ખાસ કરીને છેલ્લા એક દાયકામાં દેશે જે આર્થિક પ્રગતિ કરી છે, મધ્યમ ગાળામાં વૃદ્ધિની સકારાત્મક સંભાવનાઓ પ્રશંસનીય છે. આ સિદ્ધિ 1.4 અબજ લોકોના દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

તેમણે કહ્યું હતું કે આઈએમએફ, એડીબી અને વિશ્વ બેંક સહિત લગભગ તમામ મોટી વૈશ્વિક સંસ્થાઓએ ચાલુ વર્ષ અને આગામી વર્ષ માટે ભારતના આર્થિક વિકાસનું અનુમાન વધારીને 7 ટકાથી વધુ કર્યું છે.

અર્થશાસ્ત્રી કિમના જણાવ્યા અનુસાર, કોવિડ 19 મહામારી પછી ભારતીય અર્થવ્યવસ્થાએ નોંધપાત્ર મજબૂતી દર્શાવી છે.

# અલ નીનોના લીધે પવન રોકાયો, ગુજરાતમાં પવન ઉર્જાનું ઉત્પાદન ઘટ્યું

**કોલસાની** ભારે અછતને કારણે ગુજરાત પર વીજ સંકટના એંધાણ

નવી દિલ્હી, તા. 19: ગુજરાતમાં વીજ સંકટના વાદળ ઘેરાયેલા જોવા મળ્યા છે. જેમાં અલ નીનો મુખ્ય કારણ બન્યું છે. અલ નીનોના લીધે ગુજરાતમાં પવનની ગતિ ઘટી ગઇ અને તેના લીધે ઉર્જામાં કડાકો અને કોલસાની અછતથી ઘોગો-સિંચાઈ પર સંકટના વાદળો ઘેરાયા હતા. રાજ્યમાં વીજ ઉત્પાદનમાં થઈ રહેલા સતત ઘટાડા અને કોલસાની ભારે અછતને કાણે ગુજરાત પર વીજ સંકટના એંધાણ વર્તાઈ રહ્યા છે. પવન આધારિત વીજ ઉત્પાદનમાં થયેલો ઘરખમ ઘટાડો અને કોલસાની મળતી ઓછી સપ્લાયના લીધે પાવર પ્લાન્ટસની ક્ષમતા પર વિપરીત અસર પડી છે. કેન્દ્ર સરકારે સ્થિતિ ઉકેવલવા મદદની તૈયારી દર્સાવી છે, છતાં સ્થિતિ પુર્વવત થવામાં સમય લાગે તેમ હોવાથી તંત્ર ચિંતામાં મુકાયું છે.

રાજ્યમાં વીજ ઉત્પાદનમાં થઈ રહેલા સતત ઘટાડા અને કોલસાની ભારે અછતને કાણે ગુજરાત પર વીજ સંકટ ઘેરાઈ રહ્યું છે. પવન આધારિત વીજ ઉત્પાદનમાં થયેલો ઘરખમ ઘટાડો અને કોલસાની મળતી ઓછી સપ્લાયના લીધે પાવર પ્લાન્ટસની ક્ષમતા પર વિપરીત અસર પડી છે. કેન્દ્ર સરકારે સ્થિતિ ઉકેલવા મદદની તૈયારી દર્શાવી છે, છતાં સ્થિતિ પુર્વવત થવામાં સમય લાગે તેમ હોવાથી તંત્ર ચિંતામાં મુકાયું છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૭૫/૩૬ ’’ | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૩૬ ’’ | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ ’’ | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૦૨૬૦ |
| તેજાબી સોનું | ૧૫૦૧૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૭૫૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૭૨૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૦૨૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૧૩૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૧૫૩૦૦ |

# લૉરેન્સ બિશ્નોઇની હિન્દુ ગેન્ગ દાઉદની મુસ્લિમ ગેન્ગ સામે મેદાને પડી છે



બોલિવૂડ અને અન્ડરવર્લ્ડ વચ્ચે લવહેટ રિલેશનશીપ છે. દાઉદ ઇબ્રાહિમ અને છોટા રાજન જેવા માફિયા સરદારો ફિલ્મોમાં રોકાણ કરતા હતા અને ફિલ્મી સિતારાઓને પોતાના ઈશારા પર નચાવતા હતા. બોલિવૂડના કેટલાક સિતારાઓ ઉપર દાઉદ ગેન્ગના ચાર હાથ છે. આ સિતારાઓ બોલિવૂડમાં પોતાનું સમાંતર શાસન ચલાવે છે. જો કોઈ નવોદિત હીરો રાતોરાત લોકપ્રિય થઈ જાય અને સ્થાપિત થયેલા હીરોને પોતાનું સ્થાન જોખમમાં લાગે તો તે ડી-ગેન્ગની મદદથી પેલા હીરોને ધમકાવે છે અને તેને મોટાં બેનરની ફિલ્મો ન મળે તેની તકેદારી રાખે છે. જો કોઈ નવોદિત હીરો ડી-ગેન્ગની ધમકીને હળવાશથી લે તો તેની હત્યા કરવાની ધમકી આપવામાં આવે છે. ‘કહોના પ્યાર હૈ’ ફિલ્મની સફળતા પછી રિતિક રોશન રાતોરાત લોકપ્રિય થઈ ગયો અને તેને મોટાં બેનરની ફિલ્મો મળવા લાગી ત્યારે ચોક્કસ જામી પડેલા હીરોના ઈશારે તેના પિતા રાજેશ રોશન પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેની સાથે શરત કરવામાં આવી હતી કે રિતિક રોશન વર્ષમાં એકથી વધારે ફિલ્મ નહીં કરે. બોલિવૂડમાં મુસ્લિમ ડી-ગેન્ગની દાદાગીરી સામે હવે હિન્દુ બિશ્નોઈ ગેન્ગ મેદાનમાં આવી છે. તેણે બોલિવૂડમાં સલમાન ખાનની દાદાગીરીનો અંત લાવવાનું બીડું ઝડપ્યું છે. સલમાન ખાનને ઈશારો કરતા હોય તેમ બિશ્નોઈ ગેન્ગે સલમાન કેમ્પમાં રહેલા સિતારાઓને ધમકી આપવાનું શરૂ કર્યું છે. આ સિલસિલામાં ટાઇગર શ્રોફની હત્યા કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રયાસ ભલે નિષ્ફળ ગયો, પણ બોલિવૂડમાં દાઉદ ગેન્ગની મોનોપોલી તોડવામાં બિશ્નોઈ ગેન્ગને સફળતા મળી છે.

ટાઈગર શ્રોફની કાર પર ફાયરિંગના કેસમાં એક ઓડિયો ક્લિપથી સનસનાટી મચી ગઈ છે. ઓડિયોમાં લોરેન્સ બિશ્નોઈનો સહયોગી હોવાનો દાવો કરતો એક વ્યક્તિ ધમકીઓ આપતો સાંભળવા મળે છે. તે વ્યક્તિ પોતાને અનિલ પંડિત તરીકે ઓળખાવે છે અને કહે છે કે બધાનો વારો આવશે. ધમકી આપનાર વ્યક્તિ કહે છે કે જે લોકો લોરેન્સ બિશ્નોઈથી અલગ થશે અથવા સલમાન ખાન સાથે કામ કરશે તેમને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે. આ નિવેદનથી ફિલ્મ ઉદ્યોગની સુરક્ષા અને બિશ્નોઈ ગેંગની ખંડણીની ધમકીઓ અંગે ઘણા પ્રશ્નો ઊભા થયા છે.

આ નિવેદનથી પ્રશ્ન ઉભો થાય છે કે લોરેન્સ બિશ્નોઈ ગેંગ બોલિવૂડ પાસેથી ખરેખર શું ઇચ્છે છે? ફિલ્મ ઉદ્યોગમાં કામ કરતા લોકોને શા માટે કહેવામાં આવી રહ્યું છે કે જો તેઓ ગેંગથી અલગ થઈ જાય અથવા સલમાન ખાન સાથે જોડાય તો તેમને નિશાન બનાવવામાં આવી શકે છે? ૨૦૧૮માં લોરેન્સ બિશ્નોઈ અને સલમાન ખાન વચ્ચેનો વિવાદ હેડલાઇન્સમાં આવ્યો હતો. લોરેન્સ બિશ્નોઈએ પોલીસ કસ્ટડીમાં હતો ત્યારે તેણે સલમાન ખાનવિરુદ્ધ ધમકીભર્યાં નિવેદનો આપ્યાં હતાં. આ વિવાદ કાળિયાર શિકાર કેસથી શરૂ થયો હતો. બિશ્નોઈ સમુદાય કાળિયારને પવિત્ર માને છે. સલમાન ખાને રાજસ્થાન જઈને કાળિયારનો શિકાર કર્યો હતો અને તેનું માંસ રાંધીને ખાધું હતું. આ કેસમાં સલમાન ખાનને જેલની સજા પણ થઈ હતી. આ જ કારણે બિશ્નોઈ ગેંગ લાંબા સમયથી સલમાન ખાન પ્રત્યે રોષ ધરાવે છે. ૨૦૧૮ માં આપેલાં એક નિવેદન બાદલોરેન્સ બિશ્નોઈનું નામ દેશભરમાં ચર્ચાનો વિષય બન્યું હતું. આ પછી સલમાન ખાનના ઘરની બહાર ગોળીબારની ઘટના બની હતી અને ફિલ્મ ઉદ્યોગની અન્ય હસ્તીઓને બિશ્નોઇ ગેન્ગ દ્વારા આપવામાં આવેલી ધમકીઓ સામે આવી હતી. ત્યાર બાદ બાબા સિદ્દીકીની હત્યાએ બિશ્નોઈ ગેંગ વિશે પણ ગંભીર પ્રશ્નો ઉભા કર્યા હતા. દિગ્દર્શક રોહિત શેટ્ટીના ઘરની બહાર ગોળીબાર અને અભિનેતા રણવીર સિંહ સામે ધમકીઓના અહેવાલોએ પણ બોલિવૂડમાં સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ તમામ ઘટનાઓ પાછળ કોઈ સામાન્ય હેતુ અથવા એક જ

**ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

નેટવર્ક હોવાની શક્યતા તપાસમાંથી મળેલાં નક્કર તથ્યોના આધારે જ નિષ્કર્ષ પર આવી શકે છે.

રવિવારે સાંજે જુહુમાં ટાઇગર પર ગોળીબાર થયો હતો, જેમાં બે લોકો ઘાયલ થયા હતા. ઘાયલોમાં એક ટાઇગરનો ડ્રાઇવર ફિરદોસ હતો. ટાઇગર શ્રોફ ફાયરિંગ કેસમાં પાંચ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ટાઇગર શ્રોફે ૨૦૧૪ માં બોલિવૂડમાં પ્રવેશ કર્યો અને પોતાના અભિનયના બળ પર એક નોંધપાત્ર સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેણે માત્ર ફિલ્મ ઉદ્યોગમાં પોતાને સ્થાપિતકર્યો નથી, પરંતુ ફિટનેસ વ્યવસાયમાંથી પણ તેણે નોંધપાત્ર સંપત્તિ ભેગી કરી છે. ટાઇગર શ્રોફની કુલ સંપત્તિ આશરે ૨૪૦-૨૫૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. આ આવકનો નોંધપાત્ર ભાગ તેના ફિલ્મ અભિનયમાંથી આવે છે. જોકે, ટાઇગરની આવકનો એકમાત્ર સ્ત્રોત અભિનય નથી, કારણ કે તે બ્રેન્ડ એન્ડોર્સમેન્ટ અને તેના ફિટનેસ વ્યવસાય દ્વારા પણ નોંધપાત્ર આવક મેળવે છે. બાગી ફ્રેન્ચાઇઝી, વોર, સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ અને સિંઘમ અગેન જેવી હિટ ફિલ્મોમાં પોતાના અભિનયથી જંગી ચાહકો મેળવનાર ટાઇગર શ્રોફ પ્રતિ ફિલ્મ ૨૫ થી ૩૦ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. તે ઘણી મોટી બ્રેન્ડની જાહેરાતોમાં પણ દેખાય છે અને એક બ્રેન્ડના એન્ડોર્સમેન્ટ માટે લગભગ ૩ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. ટાઇગર શ્રોફ પોતાની ફિટનેસ માટે જાણીતો છે. ૨૦૧૮ માં તેણે PROWL ના નામે પુરુષો માટે ફિટનેસ અને લાઈફસ્ટાઈલ બ્રાન્ડ શરૂ કરી, જે ફિટનેસ કપડાં અને એસેસરીઝ વેચે છે. તે MMA મેટ્રિક્સ નામની પ્રીમિયમ ફિટનેસ સેન્ટરો અને જીમની ચેઇન પણ ચલાવે છે, જે નોંધપાત્ર કમાણી કરે છે. ૩૬ વર્ષીય અભિનેતાની વૈભવી જીવનશૈલીની ઝલક તેના વૈભવી ઘરમાં પણ જોવા મળે છે, જેની સુરક્ષા તેના પરના ગોળીબાર બાદ વધારી દેવામાં આવી હતી. ટાઇગર શ્રોફનું મુંબઈનું ઘર ખાર વેસ્ટ વિસ્તારમાં એક પ્રીમિયમ રહેણાંક પ્રોજેક્ટ રુસ્તમજી પેરામાઉન્ટમાં આવેલું છે. આ સમુદ્ર કિનારે આવેલા એપાર્ટમેન્ટમાં ૮ બેડરૂમ છે અને તે ઘણી વૈભવી સુવિધાઓથી સજ્જ છે. આ ઘરમાં એક મોટો હોલ, ઓફિસ સ્પેસ, પાવડર રૂમ અને આધુનિક રસોડા ઉપરાંત, એક વ્યક્તિગત જીમ અને ડાન્સ સ્ટુડિયો પણ છે. આ ઉપરાંત, જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, તે બાંદ્રા, મુંબઈ અને પુણેમાં પણ મિલકતો ધરાવે છે. તેનું કાર કલેક્શન પણ પ્રભાવશાળી છે અને તેમાં ઘણી બધી મોંઘી અને લક્ઝરી કારોનો સમાવેશ થાય છે.

ઘટનાના થોડા સમય પછી અનિલ પંડિત નામના એકાઉન્ટ પરથી સોશિયલ મીડિયા પર એક પોસ્ટ સામે આવી હતી, જેમાં હુમલાની જવાબદારી લેવામાં આવી હતી. એક ઓડિયો ક્લિપ પણ સામે આવી હતી, જેમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો નાનો ભાઈ હોવાનો દાવો કરતા એક વ્યક્તિ હુમલાની જવાબદારી સ્વીકારતો સાંભળવામાં આવ્યો હતો. તેણે બોલિવૂડ અભિનેતા સલમાન ખાનને પણ ધમકી આપી હતી. પોસ્ટમાં લખ્યું હતું કે જય મહાકાલ... જય શ્રી રામ... બધા ભાઈઓને નમસ્કાર. અમે, અનિલ પંડિત અને હરમન સંધુ, આજે ટાઇગર શ્રોફની ઘટનાની જવાબદારી લઈએ છીએ. અમે તેમને ફોન કરીને ચેતવણી આપી હતી, પરંતુ તેઓ સમજી શક્યા નહીં. આજે અમે તેમને વધુ મજબૂત શબ્દોમાં સમજાવ્યા છે. મુંબઈ ફિલ્મ ઉદ્યોગમાં જે કોઈ અમારી વાત સાંભળતું નથી અથવા સલમાન ખાન સાથે કામ કરે છે તેનો વારો આવશે. યાદ રાખવું જોઈએ કે ૧૪ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સવારે ૫ વાગ્યે સલમાનના ઘરની બહાર ગોળીબાર થયો હતો અને બાઇક પર આવેલા બે હુમલાખોરોએ ઘરની બહાર અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ બાબતોને ધ્યાનમાં રાખીને, સલમાન ખાનના ઘરની સુરક્ષા કડક કરવામાં આવી છે.

પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવે ટાઇગર શ્રોફ પર થયેલા હુમલા પર પ્રતિક્રિયા આપી છે. પપ્પુ યાદવે કહ્યું કે બોમ્બે પોલીસ અને અન્ય તમામ લોકો દેશના માફિયાઓને વેચાઈ ગયા છે. લોરેન્સ ગ્રુપે દાવો કર્યો હતો કે તેમણે તેમને મારી નાખ્યા હતા. આ વડાપ્રધાન અને આ સરકાર માટે એક પડકાર છે. આવી ઘટનાઓ ક્યારેક બાબા સિદ્દીકી સાથે, ક્યારેક સલમાન ખાન સાથે, ક્યારેક ટાઇગર સાથે થાય છે, જે દેશના ગૃહ પ્રધાન અમિત શાહ માટે એક પડકાર છે. દેશમાં સરકાર નામની કોઈ વસ્તુ નથી. આજે માફિયાઓ આ દેશની સરકાર ચલાવી રહ્યા છે!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આવી ઘટનાઓ ક્યારેક બાબા સિદ્દીકી સાથે, ક્યારેક સલમાન ખાન સાથે, ક્યારેક ટાઇગર સાથે થાય છે, દેશમાં સરકાર નામની કોઈ વસ્તુ નથી, આજે માફિયાઓ સરકાર ચલાવી રહ્યા છે!**


**ગુજરાતમિત્ર ટચૂકડી** — ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**મિલ્કત વેચવાની છે**

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ Mo. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામઃ કાળા વ્યારા કણજા. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**જગ્યા વેચવાની છે**
રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ,
રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેક્ટરી, જરીકામ પ્રોજેક્ટ કરવા લાયક, સુરત.
Call: 99740 05691 93768 26037

**ઘારી, ઘારી, ઘારી**
પ્રખ્યાત કેસર બદામ પીસ્તા ઘારી અન્નક્ષેત્રના લાભાર્થે ભાવ રૂ. ૮૨૦ પ્રતિ કિ.ગ્રા અગાઉથી બુકિંગ કરાવો Mo. 9773166510 (372)

**જુનો સામાન લેવામાં**
આવશે. AC, ફ્રીજ, વોશિંગ મશીન, ગ્રીલ, લોખંડ, ઘરઘંટી, સાયકલ તથા જુના 2 વ્હીલર લેવામાં આવશે. સંપર્ક કરો. Mo. 9316100413

**જગ્યા ભાડે આપવાની છે**
નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 Sqft., પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય.
સંપર્ક : 9898041152 8866360199

**જુના AC લેવામાં**
આવશે. ચાલુ કે બંધ હાલતમાં, જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo. 9316100413

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રીનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, અને 24/ 11 (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુકિતનાથ. તારીખ- 24/ 12, દિવસ-12, (3) ભુતાન જાન્યુઆરીમાં. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**माँ चामुडा ज्योतीष**
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo. 7862990838

**કશ્મી ટુરીઝમ**
ભાઈબીજે વૈષ્ણોદેવી કાશ્મીર, અમૃતસર પુષ્કર (દિવસ 12) 6352474903

**મહાદેવ ટુર**
એન્ડ ટ્રાવેલ્સ. દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદ રણ) 7802062340 (373)

**ઓમશિવ ટ્રાવેલ્સ**
23- ઓક્ટોબર, ખાટુશ્યામ, સાલાસર બાલાજી, સાવરીયાશેઠ, ઉદયપુર, જયપુર, શ્રીનાથજી, માઉન્ટઆબુ. દિવાળી પ્રવાસો (સફેદરણ, કચ્છ, માંડવી, માતાનોમઢ, નારાયણ સરોવર, કોટેશ્વર) (ઉદેપુર, જયપુર, ચિત્તૌડગઢ, ખાટુશ્યામ, માઉન્ટઆબુ) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**મિલ્કત ભાડેથી**

**સલુન માટે જગ્યા**
ભાડે આપવાની છે. 700 સ્કવેર ફીટ, લેડીઝ/ જેન્ટ્સ જેન્ટસ માટે, પ્રથમ માળ ઉપર, ફુલ ફર્નિચર સાથે, એટેચ ટોઈલેટ બાથરૂમ સાથે ભાડે અથવા વેચવાની છે 9426152570 (371)

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.